અરવલ્લીથી પ્રગટ થતુ દૈનિક
અરવલ્લી સમાચાર

# વડાલીની આર્ટ્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય સેમિનાર યોજાયો



**અરવલ્લી સમાચાર વડાલી**
**તા ૧૬**

ભારતીય સાહિત્ય અકાદમી, દિલ્હી અને શેઠશ્રી બી. સી. શાહ આર્ટસ કોલેજ વડાલીના ગુજરાતી વિભાગના ઉપક્રમે ' ગુજરાતનું આદિવાસી સાહિત્ય' એ વિષય ઉપર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો. જેમાં વડાલી કેળવણી મંડળ, વડાલીના પ્રમુખ તખતસિંહ હડિયોલ અને મંત્રી અમૃત દેસાઈ તથા સાહિત્ય અકાદમીના પ્રભારી ઓમ પ્રકાશ નાગરના સાનિધ્યમાં ગુજરાતના સુપ્રસિદ્ધ સંશોધક અને સંપાદક ભગવાનદાસ પટેલ, ડૉ. પ્રેમજી પટેલ, ડૉ. યશોધર રાવલ, ડૉ. દીપક પટેલ, ડૉ. અજયસિંહ ચૌહાણ અને ડૉ. હિરેન્દ્ર પંડ્યાએ આદિવાસી સાહિત્ય ઉપર વ્યાખ્યાનો આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ સેમિનારમાં મુંબઈ, કચ્છ, વડોદરા, સૌરાષ્ટ્ર અને પંચમહાલ એમ જુદા જુદા વિસ્તારમાંથી શોધછાત્રો અને પ્રાધ્યાપકોએ હાજરી આપી સેમિનારને સફળ બનાવ્યો હતો. તજજ્ઞ વકતાઓ અને કેળવણી મંડળના પ્રમુખ -મંત્રીએ ગુજરાતી વિભાગ દ્વારા થતી સાહિત્ય પ્રવૃત્તિને બિરદાવી હતી. અને કોલેજ પ્રિન્સિપાલ ડૉ. એન. આર. પટેલે સૌ મહેમાનોને ભાવપૂર્ણ આવકાર આપ્યો હતો. સમગ્ર આયોજન ડૉ. પ્રભુદાસ પટેલ અને ગુજરાતી વિભાગે કર્યું હતું.